ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૩૧.૦૫.૨૦૧૭

# શ્રી અમિતભાઈ શાહ છોટા ઉદેપુર જીલ્લાના દેવલીયા ગામના ૩ બુથોમાં વિસ્તારક તરીકે જોડાયા

## ભાજપામાં કાર્યકર્તાનું મહત્વ છે, સંગઠનનું મહત્વ છે. - શ્રી અમિતભાઈ શાહ

**બુથ પ્રમુખ થી રાષ્ટ્રીય પ્રમુખ સુધીના સંગઠનના હોદ્દેદારો એક જ મંચ પર ઉપસ્થિત હોય તેવું દ્રશ્ય ભાજપામાં શક્ય છે. - શ્રી અમિતભાઈ શાહ**

## પાર્ટીનો પ્રાણ "બુથ" છે અને પાર્ટીની આત્મા "કાર્યકર્તા" છે - શ્રી અમિતભાઈ શાહ

**સૌથી લોકપ્રિય નેતા તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર દુનિયામાં પ્રસ્થાપિત થયા છે. - શ્રી અમિતભાઈ શાહ**

## દેશભરમાં ૪ લાખ અને ગુજરાતના ૪૮ હજારથી વધારે પૂર્ણકાલીન કાર્યકર્તાઓ વિસ્તારક તરીકે જોડાયા છે. - શ્રી અમિતભાઈ શાહ

----------------------

પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન્મશતી વિસ્તારક યોજના હેઠળ છોટાઉદેપુરના દેવલીયા ગામ ખાતે પધારેલા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહનું ગામમાં ઢોલ, ત્રાંસા, નગારાં વગાડીને ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઠેર-ઠેર ભાજપાના કેસરી ઝંડા, ખેસ અને બેનરના પગલે ગામમાં કેસરીયું વાતાવરણ ઉભુ થયું હતું.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ છોટા ઉદેપુરના દેવલીયા ગામના ૩ બુથોની મુલાકાત લઈ ઘરે-ઘરે જઈ સંપર્કો કરી લોકોના ઘરે પાર્ટીના સ્ટીકર લગાડ્યા હતા તેમજ પાર્ટીની વિચારધારા તથા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની લોકોને માહિતી આપી હતી. ઉપરાંત મીસ્ડકૉલ કરીને તેઓને પાર્ટીના સભ્યો બનાવ્યા હતા.

દેવલીયા ગામે ઉપસ્થિત બુથ સમિતિના લોકોને સંબોધીત કરતાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ભાજપાના વિચારોનું મુળ જેમણે નાંખ્યુ છે એવા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનું આ જન્મશતાબ્દી વર્ષ છે. આ વર્ષ નિમિત્તે પાર્ટીએ નક્કી કર્યું છે કે, ભાજપાની વિચારધારા ગામે-ગામ, ઘરે-ઘરે પહોંચાડવા માટે અને ભાજપાના સંગઠનના કામને મજબૂત કરવા માટે વિસ્તારક યોજના બનાવવી. એમાંથી પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન્મશતી વિસ્તારક યોજનાની શરૂઆત થઈ.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, દેશભરમાં લગભગ ૪ લાખથી વધુ અને ગુજરાતના ૪૮ હજારથી વધુ કાર્યકર્તાઓ ૧૫ દિવસ, ૬ મહિના અને ૧ વર્ષ સુધી પૂર્ણ સમય સુધી ભાજપાનું કામ કરશે. વિસ્તારક યોજના અંતર્ગત આ કાર્યકર્તાઓ એક-એક ગામમાં, એક-એક બુથમાં ઘરે-ઘરે જઈને લોકોને ભાજપાની સાથે જોડશે, ભાજપાના કાર્યકર્તાઓને મળશે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓથી લોકોને અવગત કરાવશે અને આ યોજનાઓનો લોકોને લાભ અપાવશે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



વધુમાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે આજની બુથ સમિતિની બેઠકમાં જણાવ્યું કે, ભાજપા જ એક એવી પાર્ટી છે કે જેના બુથ પ્રમુખ, મંડલ પ્રમુખ, જીલ્લા ભાજપા પ્રમુખ, પ્રદેશ પ્રમુખ અને રાષ્ટ્રીય પ્રમુખ સુધીના સંગઠનના હોદ્દેદારો એટલે કે બુથથી લઈને રાષ્ટ્રીય પ્રમુખ સુધીના હોદ્દેદારો એક જ મંચ પર હોય અને બુથના ૫૦ કાર્યકર્તાઓને મળવા માટે આવ્યા હોય તેવું દ્રશ્ય ભાજપા સિવાય કોઈ અન્ય પાર્ટીમં જોવા નહીં મળે. આ દ્રશ્ય ભાજપામાં જ શક્ય છે. એટલે જ આપણે કહીએ છીએ કે, આપણી પાર્ટીમાં સંગઠનનું મહત્વ છે, કાર્યકર્તાનું મહત્વ છે. પાર્ટીનો પ્રાણ "બુથ" છે અને પાર્ટીની આત્મા "કાર્યકર્તા" છે.

ભાજપાનું ગુજરાત સંગઠન ખૂબ મજબૂત હોવાનું જણાવી રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ૧૯૯૦થી ભાજપા ગુજરાતમાં એક પણ ચૂંટણી હારી નથી. પ્રજાનું સમર્થન ભાજપા સાથે છે. પરંતુ હાલનું વર્ષ ચૂંટણી વર્ષ છે ત્યારે તેમણે બુથ સમિતિના સભ્યોને ભાજપાનો સંદેશો ઘરે-ઘરે લઈ જવા માટે આહ્વાન કર્યું હતું. હાલમાં જ તેઓ ૩ દિવસનાં લક્ષદિપના પ્રવાસે ગયા હતા જયાં તેમણે ૧૫ જેટલા બુથોમાં પ્રવાસ કર્યો હતો અને બુથ સમિતિની રચના કરી હતી. હવે આગામી દિવસોમાં ગુજરાતમાં વિસ્તારક તરીકે તેઓ સાગરકાંઠા અને શહેરી વિસ્તારના એક દલિત બુથમાં પ્રવાસ કરશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની કામગીરીના વખાણ કરતાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના લીધે સમગ્ર વિશ્વમાં ભારતનું માન-સન્માન વધ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નામથી ભારત દેશની વિશ્વમાં ઓળખ પ્રસ્થાપિત થઈ છે અને સૌથી લોકપ્રિય નેતા તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર દુનિયામાં પ્રસ્થાપિત થયા છે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે આજરોજ રાષ્ટ્રીય મહામંત્રીશ્રી અને પ્રદેશના પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ, પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા સહિતના પદાધિકારીઓની સાથે દેવલીયા ગામે એક આદિવાસી પરિવારને ત્યાં ભોજન લીધું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૩૧.૦૫.૨૦૧૭

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં આદિવાસી મિલન સમારોહ બોડેલી ખાતે યોજાયો.**

**આદિવાસી સંસ્કૃતિ એ ભારતીય સંસ્કૃતિનું ઘરેણું છે અને એમના સંવર્ધનની આપણી વિશિષ્ટ જવાબદારી છે. જે આદિવાસી મ્યુઝિયમ થકી સાર્થક થશે. - શ્રી અમિતભાઈ શાહ**

**ગુજરાતનું વિકાસ મોડેલ વ્યક્તિ, વિસ્તાર, જ્ઞાતિ કે શહેરો સુધી સીમિત ન રહેતા, સર્વ સ્પર્શી-સર્વ સમાવેશક વિકાસનું મોડેલ છે. - શ્રી અમિતભાઈ શાહ**

**આદિવાસી વ્યકિત, ગામ અને વિસ્તાર તમામનો વિકાસ ભાજપાના શાસનમાં થયો છે. - શ્રી અમિતભાઈ શાહ**

**ભાજપાની વિચારધારા ગરીબ કલ્યાણની છે, છેવાડાના માનવીના વિકાસની છે અને વિકાસમાં સૌ સમાન એ ભાજપાનો સિદ્ધાંત છે. - શ્રી અમિતભાઈ શાહ**

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની આદિવાસી સમાજ પ્રત્યેની સંવેદનાથી થયેલા આદિવાસી વિસ્તારના વિકાસ માટે આદિવાસી બંધુઓ વિસ્તારની તમામ બેઠકો પર કમળ ખીલાવીને વડાપ્રધાનશ્રીને ભેટ આપશે. - શ્રી અમિતભાઈ શાહ**

----------------------

બોડેલી ખાતે વિશાળ આદિવાસી મિલન સમારોહને સંબોધન કરતાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ગુજરાતનું વિકાસ મોડેલ વ્યક્તિ, વિસ્તાર, જ્ઞાતિ કે શહેરો સુધી સીમિત ન રહેતા, સર્વ સ્પર્શી-સર્વ સમાવેશક વિકાસનું મોડેલ છે. શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજાએ ભાજપાને ૧૯૯૫થી ૨૦૧૭ સુધીની તમામ ચૂંટણીઓ જીતાડી છે અને સેવા કરવાનો મોકો આપ્યો છે. ભાજપાની કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની કામગીરીના આધારે આજે ભાજપાના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે શ્રી શાહે આદિવાસી વિસ્તારની બધી જ બેઠકો ભાજપાને જીતાડી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને ભેટ આપવાની હાકલ કરી હતી.

શ્રી શાહે કોંગ્રેસના કુશાસનને યાદ કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં વિજળી, પાણી, રોડ-રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ પણ મળતી ન હતી. વર્ષમાં ૪ મહિના રાજ્યમાં કર્ફ્યુ રહેતો હતો. કોંગ્રેસના શાસનમાં બેકારીની ફોજ હતી. પરંતુ ૨૦૦૧થી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં સત્તાના સુકાન સંભાળતા જ ૨૪ કલાક વિજળી, સિંચાઈ માટે બારેમાસ પાણી, ગામે-ગામ શાળાઓ, હૉસ્પિટલો, ૧૦૮ની ત્વરીત સેવાઓ ગુજરાતને મળી છે અને ગુજરાત કર્ફ્યુમુક્ત થયું છે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આદિવાસી સંસ્કૃતિ એ ભારતીય સંસ્કૃતિનું ઘરેણું છે અને એમના સંવર્ધનની આપણી વિશિષ્ટ જવાબદારી છે. જે આદિવાસી મ્યુઝિયમ થકી સાર્થક થશે. આદિવાસી વ્યકિત, ગામ અને વિસ્તાર તમામનો વિકાસ ભાજપાના શાસનમાં થયો છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, મને પણ મંત્રીપદ દરમ્યાન અને વિસ્તારની પ્રભારીની જવાબદારી હેઠળ આદિવાસી વિસ્તારોમાં સેવા કરવાનો અવસર મળ્યો હતો. ૨૦૦૭માં ૧૫ હજાર કરોડની વનબંધુ કલ્યાણ યોજના અને ૨૦૧૨માં ૪૦ હજાર કરોડની વનબંધુ યોજનાઓ અમલમાં મુકાઈ હતી. ૧૯૪૭થી ૧૯૯૦ સુધી કોંગ્રેસ આદિવાસી બંધુઓને જમીનોના હક્ક આપવામાં નિષ્ફળ રહી છે અને હવે ભાજપાના શાસનમાં આદિવાસી વિસ્તારોમાં ૧,૧૭,૫૭૫ એકર જમીન આદિવાસીઓને આપવાનું કામ ભાજપાની સરકારે કર્યું છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




વધુ માહિતી આપતાં શ્રી શાહે જણાવ્યું હતું કે, પેસા એકટના અમલ થકી વનપેદાશોના સંગ્રહ-વેચાણના વિશેષ અધિકારો ગ્રામ સભાને ભાજપા સરકારે આપ્યા છે. ૧.૫ લાખથી વધુ આવાસોની ફાળવણી આદિવાસી બંધુઓને કરવામાં આવી છે. ૬૬ કે.વી.ના ૩૧થી વધુ સબસ્ટેશનો આદિવાસી વિસ્તારમાં બનાવ્યા છે. ૪૮૫ કરોડની સબસીડી આદિવાસી વિસ્તારમાં આપવામાં આવી છે. ૬ નવી સમરસ હૉસ્ટેલો, ૧૫ લાખ આદિવાસી બાળકોને યુનિફોર્મ-ભોજન, દાહોદ અને તાપી ખાતે મેડીકલ કૉલેજની સ્થાપના, આદિવાસી વિસ્તારોમાં ૪,૮૦૦ કરોડથી પણ વધુ રકમની ગ્રામ સડક યોજનાનો અમલ, આદિવાસી સમાજ માટે અન્નપૂર્ણા યોજના એ બધું જ ભાજપાના શાસનમાં શક્ય બન્યું છે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપા એ સંસ્કૃતિ, નીતિ અને અંત્યોદયના સિદ્ધાંતોને વરેલી પાર્ટી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૦૪ ઉપગ્રહો એકસાથે અવકાશમાં છોડવાનો રેકોર્ડ હોય, નોટબંધી જેવા પગલા હોય, ઓ.બી.સી. આયોગની રચના હોય, વિર જવાન સૈનિકોએ કરેલી સર્જીકલ સ્ટ્રાઈક હોય, દર ૧૫ દિવસે એક નવી યોજના અમલમાં મુકાતી હોય અને અત્યાર સુધી ૩ વર્ષના કાર્યકાળમાં ૧૦૬થી વધુ યોજનાઓ અમલમાં હોય, આ બધું જ ભાજપાના શાસનમાં જ શક્ય છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપાએ ૧૨૦થી વધુ બેઠકો મેળવી હતી અને અત્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન છે ત્યારે આદિવાસી બંધુઓ વિસ્તારની તમામ બેઠકો જીતાડીને ગુજરાતની જનતા જનાર્દન ૧૫૦થી વધુ બેઠકો પર કમળ ખીલાવીને ભાજપાને સેવા કરવાનો મોકો જરૂરથી આપશે અને વિકાસના યજ્ઞ થકી અને અંત્યોદયની પરંપરા દ્વારા જનતા જનાર્દનના આશીર્વાદથી દેશ આગળ વધશે તેવો દ્રઢ વિશ્વાસ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે વ્યક્ત કર્યો હતો.

આજે બોડેલી ખાતે યોજાયેલ આદિવાસી મિલન સમારોહમાં પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ, પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહજી પરમાર અને રાજ્ય સરકારના મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી સહિત પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને કેન્દ્રીય મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોરે આભારવિધિ કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૩૧.૦૫.૨૦૧૭

# કોંગ્રેસના ગુંડા તત્વોનો પ.પૂ. સંત સમાજ પર હિચકારો હુમલો

**ભાજપા ગૌ-માતા બચાવવાની વાત કરે છે. કોંગ્રેસ ગૌ હત્યારાઓનો પક્ષ લઈને હિંસા આચરે છે. - શ્રી જીતુભાઈ વાઘાણી**

**કેરલની શરમજનક ઘટના બાબતે કોંગ્રેસ લાજવાના બદલે ગાજે છે. - શ્રી જીતુભાઈ વાઘાણી**

**ગૌ-માતા વિરોધી, પ.પૂ. સંતગણ વિરોધી અને સંસ્કૃતિ વિરોધી કોંગ્રેસને ગુજરાતની શાણી-સમજુ પ્રજા સારી રીતે ઓળખી ગઈ છે.**

---

રાષ્ટ્રીય પાર્ટી કોંગ્રેસના નેતા અને કાર્યકર્તાઓ દ્વારા કેરાલામાં જાહેરમાં ગૌ-માતાની કરાયેલી ઘાતકી હત્યાના વિરોધમાં અમદાવાદ સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે ગૌ-હત્યાના વિરોધમાં ઉપવાસ પર બેઠેલા જાણીતા ગૌ ભક્તશ્રી ચૈતન્યશંભુ મહારાજ અને પ.પૂ. સંતગણ ઉપર કોંગ્રેસના ગુંડા તત્વો દ્વારા જે હિંસાત્મક હુમલો કરવામાં આવ્યો છે તેને સમગ્ર ભાજપા સંગઠન વતી પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે.

કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા કરાયેલા આ જઘન્ય અપરાધની આકરા શબ્દોમાં ટીકા કરતાં પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગાંધીના ગુજરાતમાં શાંતિપૂર્ણ રીતે કેરલની ઘટનાનો વિરોધ કરી રહેલા પ.પૂ. સંતગણ ઉપર કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા કરાયેલો હુમલો કોંગ્રેસની હલકી સમાજ વિરોધી માનસિકતા છતી કરે છે. કેરલની શરમજનક ઘટના અંગે ખરેખર તો કોંગ્રેસે શરમાવવું જોઈએ. પરંતુ કોંગ્રેસ લાજવાના બદલે ગાજી રહી છે.

કોંગ્રેસની ગૌ-માતા વિરોધી, પ.પૂ. સંતગણ વિરોધી અને સંસ્કૃતિ વિરોધી માનસિકતા પર આકરા પ્રહારો કરતાં શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્ર સમર્પિત ભાજપા ગૌ-સેવા અને ગૌ-સંવર્ધનમાં માને છે. પ.પૂ. સાધુ સંતોના આદરમાં માને છે. જ્યારે કોંગ્રેસ કસાઈઓ અને બીફ પાર્ટીમાં વિશ્વાસ ધરાવે છે. કસાઈ વિચારધારા ધરાવતી કોંગ્રેસ પાર્ટીએ ગુજરાત વિધાનસભામાં પણ ગૌ-રક્ષા વિધેયકના કાયદાનો વિરોધ કરીને પોતાની ગૌ વિરોધી સંસ્કૃતિ છતી કરી હતી. કોંગ્રેસની આ નકારાત્મક માનસિકતાને ગુજરાતની પ્રજા ક્યારે ભૂલશે નહીં.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ